"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an Initiative for organ donation

રેફ નં.                                                                 તા: ૧૦/૦૬/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________                                  સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## રાજસ્થાનના મેઘવાલ સમાજના બ્રેનડેડ રાજેન્દ્ર માલીરામ વર્માના પરિવારે કિડની અને લીવરનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: રાજેન્દ્ર માલીરામ વર્મા ઉ. વ. ૩૫ બ્લડ ગ્રુપ: AB+ve

વ્યવસાય: બારડોલીમાં માર્બલ ફ્લોરિંગનું કડિયા કામ કરતો હતો.

રહેવાસી: શક્તિનગર સોસાયટી, સુગર ફેક્ટરીની પાછળ, બાબેન, બારડોલી.

મૂળ રહેવાસી: ગામ: તોડા, તા: નીમકાથાના, જી: સીકર, રાજસ્થાન

કૌટુંબિક વિગત: પત્ની: સરોજ રાજેન્દ્ર વર્મા ઉ. વ. 30

પુત્રી: તનુ રાજેન્દ્ર વર્મા ઉ.વ. ૨

<u>બનાવની વિગત:</u>

બુધવાર તા: ૦૭ જુન, ૨૦૧૭ના રોજ રાજેન્દ્ર સવારના ૧૧:૦૦ વાગે છાપરા પરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. તેને સરદાર સ્મારક હોસ્પિટલ બારડોલીમાં દાખલ કરવામાં આવ્યો. ત્યા પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેને સુરતની મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. F-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



શુક્રવાર તા. ૦૯ જુન, ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ડો. પરાગ પંડયા અને ઇન્ટેન્ટસીવીસ્ટ ડો. આલોક શાહે રાજેન્દ્રને બ્રેનડેડ જાહેર કર્યો.

છાંયડાના ભરતભાઈ શાહ અને રાકેશ શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રાજેન્દ્રના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રાકેશ શાહ, રામજીભાઈ ચાંદક, અને જગદીશભાઈ પરિહારની સાથે રહી રાજેન્દ્રના ભાઈ સલીલકુમાર, કાકાના દીકરા રણવીરકુમાર અને અન્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

રાજેન્દ્રના ભાઈ સલીલકુમાર, કાકાના દીકરા રણવીરકુમારે જણાવ્યું કે અમારો ભાઈ બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો.બીપીન પાલ અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. સુરેશકુમાર અને તેમની ટીમ દ્વારા કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ જુનાગઢની રહેવાસી કુ.સેજી કેવાલા ઉ.વ. ૧૪ અને અમદાવાદના રહેવાસી જયંતી ખેંગારભાઈ પટેલ ઉ. વ. ૪૩ અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ જંબુસરના રહેવાસી દેવેન્દ્ર શાંતિલાલ પટેલ ઉ. વ. ૪૮માં હાલમાં ચાલી રહ્યું છે.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રાજેન્દ્રના ભાઈશ્રી સલીલકુમાર, કાકાના દીકરા રણવીરકુમાર, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ડો. પરાગ પંડ્યા, ઇન્ટેન્ટસીવીસ્ટ ડો. અલોક શાહ, છાંયડાના ભરતભાઈ શાહ, રાકેશ શાહ, રામજીભાઈ ચાંદક, જગદીશભાઈ પરિહાર, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ. ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, યોગેશ પ્રજાપતિ અને જીતુ મોરે નો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૦૩ કિડની, ૭૮ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૭૧ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

ડોનેટ લાઈફ દ્વારા કેડેવર ઓર્ગન ડોનેશન અંગેની જનજાગૃતિના કાર્યક્રમો સતત થતા હોય છે જેને કારણે સમાજમાં ધીરે ધીરે લોકોમાં બ્રેનડેડ બાદ ઓર્ગન ડોનેશન કરવાની જનજાગૃતિ આવતી જાય છે અને તેના પરિણામે છેલ્લા આઠ દિવસમાં ડોનેટ લાઈફ દ્વારા પાંચ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૧૦ કીડની, ૫ લીવર, ૧ હૃદય અને ૨ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું છે. અમે સમાજના દરેક વર્ગના લોકોને નમ્ર અપીલ પણ કરીએ છીએ કે જ્યારે પણ કોઈ વ્યક્તિ બ્રેનડેડ હોવાની જાણકારી તમને પ્રાપ્ત થાય ત્યારે તેના અંગોનું દાન કરાવી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવાના યજ્ઞમાં જોડાઈએ.

Nilesh Mandlewala, President, +91 98256 09922
Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031
Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349
Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961